**બેકરી શાળા, નવસારી ખાતે ચાલતાં બેકરી સર્ટિફીકેટ તાલીમ કોર્ષ તથા એક અઠવાડીયાના બેકરી તાલીમ વર્ગોની પ્રવેશ ફીમાં વધારો કરવા બાબત...**

# –: જાહેરનામું નં. ૧/૨૦૨૨ :–

આથી સંબંધકર્તા સર્વેને જાણ કરવામાં આવે છે કે, નવસારી કૃષિ યુનિવર્સિટીની વિસ્તરણ શિક્ષણ પરિષદની તેરમી બેઠક તા.૨૨/૦૬/૨૦૨૨ના રોજ નવસારી ખાતે મળેલ હતી, જેની કાર્યનોંધના મુદ્દા નં. ૧૩.૫થી નીચેની વિગતે ઠરાવ કરેલ છે, જેનો અમલ તાત્કાલીક અસરથી કરવાનો રહેશે.

**"નવસારી કૃષિ યુનિવર્સિટી હસ્તકની બેકરીશાળા ખાતે ચાલતા વીસ અઠવાડીયાના સર્ટિફીકેટ તાલીમ કોર્ષ તથા એક અઠવાડીયાના બેકરી તાલીમ વર્ગોમાં તાલીમાર્થી દીઠ લેવામાં આવતી ફીમાં સામેલ પરિશિષ્ટ : ૧ મુજબ વધારો કરવાની વિસ્તરણ શિક્ષણ પરિષદ દ્વારા મંજૂરી આપવામાં આવે છે અને તેનો અમલ આગામી બેચથી કરવાનો રહેશે."**

જા.નં. નકૃયુ/વિશિનિ/વિશિપ–૧૩/ટી–૧/વેબ–૨૦/૨૦૨૨
નવસારી તા. ૦૬/૦૮/૨૦૨૨

વિસ્તરણ શિક્ષણ નિયામક
નવસારી કૃષિ યુનિવર્સિટી
નવસારી

<u>નકલ સવિનય રવાના પ્રતિ</u> :

૧. માન. કુલપતિશ્રીના રહસ્ય સચિવશ્રી, નવસારી કૃષિ યુનિવર્સિટી, નવસારી તરફ જાણ થવા સારું.
૨. નવસારી કૃષિ યુનિવર્સિટીની વિસ્તરણ શિક્ષણ પરિષદના તમામ સભ્યશ્રીઓ તરફ જાણ થવા સારું.
૩. નવસારી કૃષિ યુનિવર્સિટીના તમામ અધિકારીશ્રીઓ તરફ જાણ થવા સારું.

<u>નકલ જયભારત સહ રવાના પ્રતિ</u> :

૧. નવસારી કૃષિ યુનિવર્સિટી હેઠળના તમામ યુનિટ/સબ યુનિટ કચેરીઓના વડાશ્રીઓ તરફ જાણ થવા સારું.
૨. મદદનીશ વિસ્તરણ શિક્ષણશાસ્ત્રી, બેકરીશાળા, નકૃયુ, નવસારી તરફ જાણ તથા અમલ થવા સારું.

## પરિશિષ્ટ : ૧

### બેકરીશાળા ખાતે ચાલતા વીસ અઠવાડીયાના સર્ટિફીકેટ તાલીમ કોર્ષ તથા એક અઠવાડીયાના બેકરી તાલીમ વર્ગોની નવી તાલીમ ફી

**(૧) વીસ અઠવાડીયાનો બેકરી સર્ટિફીકેટ તાલીમ કોર્ષ :**

| અ.નં. | ફીની વિગત | | હાલની ફી રૂા. | નવી ફી રૂા. |
|---|---|---|---|---|
| ૧ | પ્રયોગશાળા અનામત | (પરત મળવાપાત્ર) | ૨૦૦/– | ૨૫૦/– |
| ૨ | હોસ્ટેલ અનામત | (પરત મળવાપાત્ર) | ૧૦૦/– | –– |
| ૩ | કોશન મની | (કોર્ષ પૂરો કરે તેને પરત મળવાપાત્ર) | ૧૦૦/– | ૨૫૦/– |
| ૪ | ઓળખકાર્ડ ફી | (પરત મળવાપાત્ર નથી) | ૨૦/– | ૫૦/– |
| ૫ | પરીક્ષા ફી | (પરત મળવાપાત્ર નથી) | ૫૦/– | ૨૫૦/– |
| ૬ | ગુણપત્રક ફી | (પરત મળવાપાત્ર નથી) | ૪૦/– | ૧૦૦/– |
| ૭ | પ્રમાણપત્ર ફી | (પરત મળવાપાત્ર નથી) | ૪૦/– | ૧૦૦/– |
| ૮ | રીવોલ્વીંગ ફંડ (વસ્તુ વપરાશ ખર્ચ) | (પરત મળવાપાત્ર નથી) | ૪૫૦/– | ૪૦૦૦/– |
| | **કુલ રૂા.** | | **૧૦૦૦/–** | **૫૦૦૦/–** |

**(૨) એક અઠવાડીયાના બેકરી તાલીમ વર્ગો :**

| અ.નં. | ફીની વિગત | હાલની ફી રૂા. | નવી ફી રૂા. |
|---|---|---|---|
| ૧ | પ્રવેશ ફી | ૧૦૦/– | ૧૦૦/– |
| ૨ | રીવોલ્વીંગ ફંડ (વસ્તુ વપરાશ ખર્ચ) | ૩૦૦/– | ૫૦૦/– |
| | **કુલ રૂા.** | **૪૦૦/–** | **૬૦૦/–** |

સ્થળ: નવસારી
તારીખ: ૦૬/૦૮/૨૦૨૨

વિસ્તરણ શિક્ષણ નિયામક

–:–:–:–:–:–:–:–